# બાયડના એક ખાનગી તબીબને કારણે વાલીઓ દ્વારા પ્રવેશોત્સવ કાર્યક્રમનો વિરોધ

બાયડ,૧૬

અરવલ્લી જીલ્લામાં તા.૧૭-૬-૧૬ના રોજ રાજયના મુખ્યમંત્રી આંનદીબેન પટેલ પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ સંદર્ભે મોડાસા નગરની પ્રાથમિક અને માધ્યમિક શાળાની મુલાકાતે આવનાર હોઈ ત્યાં ના એક દિવસ અગાઉ જીલ્લામાં આવેલ બાયડ નગરની વલ્લભનગર પ્રાથમિક શાળામાં એક ખાનગી તબીબે સ્કુલની જગ્યામાં ગેરકાયદેસર દિવાલો ચણી લેતા હવા ઉજાસને કારણે પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો વાલીઓ દ્વારા વિદ્યાર્થીઓએ શાળામાં ન મોકલીને વિરોધ દર્શાવ્યો હતો.

**તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સાથે સંપર્ક કરતા : તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તેવો જણાવ્યું કે ૧૭ જુન ૨૦૧૬ના રોજ અરવલ્લી જીલ્લાના મુખ્ય મથકે પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ સંદર્ભે મોડાસા ખાતે સી.એમ આવનારા હોય તે માટે અમો કાર્યક્રમમાં વ્યસત છે ? અમારી પાસે આ મામલે વાતચીત કરતા બે દિવસ પછી વાત કરવા કહ્યું ને આ મામલે છટકબારી અપનાવી રહ્યા હતા**

આ મામલે અગાઉ સથાનીક લેવલ થી માંડીને જીલ્લા કલેકટર સુધી રજુઆત કરી હતી તેમ છતાં તંત્ર દ્વારા કોઈ જ પ્રકારનું નિરાકરણ ન આવતાં ના છુટકે વિરોધ દર્શાવવામાં આવ્યો હતો.

આ મામલે વિરોધ થતાં પ્રાંત કલેકટર, મામલતદાર, ચીફ ઓફીસર, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને નગરપાલીકાના પ્રમુખ ઘટના સ્થળે હાજર રહ્યા હતાં. મામલો શાંત પાડવા અનેક પ્રયાશો હાથ ધરાયા હતા.

હજુ તંત્ર નિરાકરણ નહી લાવે તો હાઈકોર્ટ સુધી પણ જઈશું તેવું વાલીઓ અને આજુબાજુના નાગરીકો દ્વારા જાણવા મળ્યું હતુ.

તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને બાળકો ની પરવા ન હોય તેમ તેવુ લાગી રહ્યું છે. બાળકોને અસહ્ય ગરમીમાં હવા-ઉજાસ ન મળે તો બાળકોની પરસ્થિતિ કફોડી બને તો તેની જવાબદારી કોની?

જીલ્લા શિક્ષણાધિકારી અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને સી.એમનો કાર્યક્રમ અગત્યનો હોય તેમ તેનો ફોન રીસર્વ કરવાનું પણ ટાળતા હતા. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ફોન રિસર્વ કર્યો હતો. તો તેમને કહ્યું કે હું સી.એમ કાર્યક્રમ વ્યસ્ત છું આ મામલો બે-ત્રણ દિવસ પછી શાંતિ વાત કરુ છું આવું કહી છટકયા હતાં.





શું બાળકો ભવિષ્ય અગત્યનું છે કે સી.એમ આનંદીબેન પટેલનો કાર્યક્રમો બાબતે નગરમાં આક્રોશ જોવા મળી રહ્યો હતો.

## સાબરકાંઠા જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં શાસક અને વિપક્ષના સભ્યો આક્રમક

સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખના અધ્યક્ષ સ્થાને ગુરૂવારે મળેલી સામાન્ય સભામાં વિવિધ પ્રશ્નોના મામલે શાસક અને વિપક્ષના સભ્યોએ આક્રમક રજુઆત કરતા સામાન્ય સભા તોફાની બની હતી. વિપક્ષના નેતા દ્વારા પ્રશ્નોત્તરી સમય દરમિયાન બાંધકામ સહિત વિવિધ વિભાગોમાં ચાલતા કામોમાં ભ્રષ્ટાચારની ફરિયાદો ઉઠી હોવાનો આક્ષેપ કરતા શાસક પક્ષના સભ્યો વચ્ચે ચકમક થતા સામાન્ય સભા તોફાની બની હતી. તો બીજી તરફ શાસક પક્ષના પ્રમુખે અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા વિવિધ વિભાગોના ચેરમેનોનું માન સન્માન જાળવી પ્રજાકીય પડતર પ્રશ્નોનો નિકાલ કરવા સામાન્ય સભામાં આદેશ કર્યો હતો.

**ભાજપ સરકાર લોકશાહીનું ખૂન કરે છે : પંચાયત પ્રમુખ**

સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવતના અધ્યક્ષ સ્થાને ગુરૂવારે જિલ્લા પંચાયતની મળેલી સામાન્ય સભાનો પ્રારંભ થતા જ વિરોધપક્ષના નેતા મહેન્દ્રસિંહ રહેવરે જિલ્લા પંચાયત હસ્તકના રોડના કામો સમયસર પૂર્ણ થતા નથી. જિલ્લા પંચાયતની સિંચાઈ તેમજ બાંધકામ શાખામાં ઈ-ટેન્ડરીંગ પ્રક્રિયા સિવાય કેટલાક ઈજારદારોને કામો આપવામાં અવ્યા છે. વિપક્ષના સભ્યો દ્વારા લેખિતમાં પ્રશ્નો રજુ કર્યા હોવા છતાં સભ્યોને સામાન્ય સભાની શરૂઆત પહેલા જ પ્રશ્નોત્તરીના જવાબો આપવામાં આવે છે. જિલ્લા પંચાયતના શાસક પક્ષના સભ્યો તથા ચેરમેનો દ્વારા નિયમોની પરવાનગી કરવામાં આવતી ન હોવાનો આક્ષેપ કરતા શાસક અને વિપક્ષના સભ્યો વચ્ચે શાબ્દિક ટીકા-ટિપ્પણી થઈ હતી. શાસક પક્ષના પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવતે વર્તમાન રાજય સરકારની નીતિઓના કારણે જિલ્લા પંચાયતમાં અધિકારી રાજ આવી ગયુ છે. લોકશાહીનું ખૂન કરવા માટેનો પ્રયાસ થયો છે. ત્યારે કોંગ્રેસ પક્ષના ચૂંટાયેલા તમામ જિલ્લા પંચાયતના સદસ્યો પ્રજાકીય પ્રશ્નોના ઝડપથી નિકાલ કરવા કટિબ્ધ હોવાનું જણાવ્યુ હતું.

સાબરકાંઠા જિલ્લામાં તાલુકા પંચાયતમાં આયોજનના કામોની મંજુરી આપવામાં આવી ન હોવાથી વિકાસ કામોને અસર થઈ છે. ગતિશીલ ગુજરાતની વાતો કરતી રાજય સરકાર જિલ્લા પંચાયતના બાંધકામ, ખેતીવાડી, મહેકમ સહિત અનેક ખાલી જગ્યાઓ ભરવા માટેની કોઈ કામગીરી કરવામાં આવી નથી. જેની સીધી અસર જિલ્લા પંચાયતના વહીવટીય કામગીરી પર થઈ રહી છે.

સામાન્ય સભા દરમિયાન શાસક પક્ષના સભ્યોએ આરોગ્ય અધિકારી ડાૅ.મનિષ ફેન્સી દ્વારા ૫૩ આયુષ મેડીકલ ઓફીસરોની બદલી રદ કરી આરોગ્ય અધિકારી વિરૂધ્ધ સર્વાનુમતે ઠરાવ પસાર કરવાની માગણી કરી હતી. શાસક પક્ષના સભ્યોએ જણાવ્યુ હતું કે પ્રવેશોત્સવ સહિતના કાર્યક્રમોમાં સ્થાનિક સદસ્યોને નિમંત્રણ કાર્ડ પણ આપવામાં આવતું નથી. ત્યારે જિલ્લા વિકાસ અધિકારી તરફથી આવા કર્મચારીઓ વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવા માગણી કરી હતી.

આ અંગે જિલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસે જવાબ આપતા જણાવ્યુ હતું કે આરોગ્ય વિભાગમાં કરાયેલી તમામ બદલીઓના ઓર્ડરની પ્રાથમિક તપાસ કરવામાં આવશે. તેમજ જો કોઈ બદલીમાં ખોટી નિમણુક આપવામાં આવી હશે તો તેમાં સુધારો કરવામાં આવશે. ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકામાં તમામ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. ઉપરાંત ભૂગર્ભ જળ ઉંચા લાવવા માટે તથા પીવાનું પાણી મળી રહે તેવા પ્રયાસો કરાશે તેવી ખાતરી સામાન્ય સભામાં આપી હતી.

**સીસી ટીવી કેમેરા બાજ નજર રાખશે**

સાબરકાંઠાની નવી જિલ્લા પંચાયતમાં ફરજ બજાવતા કર્મચારીઓ નિયમિત રીતે ઓફીસમાં આવી કામગીરી કરતા ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે ત્યારે જિલ્લા પંચાયતના તમામ વિભાગોમાં સીસી ટીવી કેમેરા ગોઠવવાની સામાન્ય સભામાં જાહેરાત કરવામાં આવી હતી.

## વિરપુર પાસે અજાણ્યા વાહને ટક્કર મારતા એકનું મોત

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર-ઈડર રોડ પર આવેલ વિરપુર ગામની સીમમાંથી મંગળવારે પસાર થઈ રહેલા અજાણ્યા વાહન ચાલકે એક અજાણ્યા ઈસમને ટક્કર મારી ગંભીર ઈજા પહોંચાડી હતી.જેથી તેનું મોત નિપજયુ હતું. જે અંગે ઈડર તાલુકાના બડોલી ગામના વિનોદભાઈ અળખાભાઈ ચૌહાણે બુધવારે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## હિંમતનગરની રેસ્ટોરન્ટમાં ચોરી થતાં ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના સહકારીજીન વિસ્તારમાં આવેલ ફેસ્કો રેસ્ટોરન્ટમાંથી મંગળવારે રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી ટેલબના ડ્રોઅરમાંથી ૧ હજારનો મોબાઈલની ચોરી કરી ભાગી ગયા હતા. હસનઅબ્બાસ ગુલામ અબ્બાસ રાબડીએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ બુધવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## હિંમતનગર બસ સ્ટેન્ડ વિસ્તારમાં ઝઘડો કરી અપમાનિત કરતા ચાર વિરૂધ્ધ ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના બસ સ્ટેન્ડ વિસ્તારમાં બુધવારે મજુરીના પૈસા લેવા બોલાવી ચાર શખ્સોએ આ મજુરને ગાળો બોલી લાફો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી જાતિ વિરૂધ્ધ શબ્દો બોલી અપમાનિત કરતા હિંમતનગર તાલુકાના ગઢા ગામના આ શખ્સે ચારેય જણા વિરૂધ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી તેમને તડીપાર કરવાની માંગ કરી છે.

હિંમતનગર તાલુકાના ગઢા ગામના શામળભાઈ રામાભાઈ ભાંભીને બુધવારે સવગઢના સિરાજમીયા હુસેનમીયા મલેક, શાહરૂખમીયા સીરાજમીયા મલેક, જુનેદમીયા મલેક અને અહેમદસઈદે મજુરીના પૈસા લેવાના બહાને બોલાવી ગાળો બોલી લાફો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી જાતિ વિરૂધ્ધ શબ્દો બોલી અપમાનિત કરતા તેમણે ચારેય જણા વિરૂધ્ધ એટ્રોસીટી એકટ અંતર્ગત હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેમજ શામળભાઈ ભાંભીએ આ શખ્સો વિરૂધ્ધ અનેક ફરિયાદો થઈ હોવાને કારણે તેમને તડીપાર કરવાની માંગ કરી છે.

## બાયડ ગામમાં ૪૦ વર્ષ બાદ પીવાના પાણીની નવી પાઈપ લાઈનનું કામનો પ્રારંભ

બાયડ

બાયડ ગામમાં ૪૦ વર્ષ બાદ પીવાના પાણીની પાઈપ લાઈનનું નાખવાનું કામ શરૂ થતા બાયડ ગામની પ્રજાજનોમાં આનંદ જોવા મળ્યો હતો.

પહેલા પીવાના પાણીની પાઈપ લાઈનમાં વારંવાર તુટી જવાના બનાવો બનતા હતાં તેને કારણે પ્રજા પરેશાન થતી હતી. હવે પ્રજા પરેશાન નહી થાય તેવું બાયડ નગરપાલીકા પ્રમુખ વરૂણ પટેલે કહ્યું હતું. પાઈપ લાઈન નાખ્યા બાદ નવીન રોડનું કામ પણ પ્રારભ કરવામાં આવ્યો હતો.

# પાલનપુરમાં રસાયણિક કેમિકલનો ઉપયોગ કરી કેળા પકવતા વેપારી સામે તંત્ર લાચાર

પાલનપુર, તા. ૧૬

ફળોની ભરપુર સિઝન ચાલી રહી છે ત્યારે કેટલાક લેભાગુ વેપારીઓએ આ ફળો ને પકાવવા ખુલ્લેઆમ રસાયણિક કેમિકલનોનો ઉપયોગ કરી લોકોના આરોગ્ય સાથે ચેડ પાલનપુર ના સંવાદ દાતા એ આવા વેપારીઓની કરતુત કેમેરામાં કેદ કરી છે .



કેળા સ્વાસ્થ્યની દ્રષ્ટિએ કેળા અનેક રીતે ફાયદાકારી છે. કેળા ખાવાથી શરીરને ભરપૂર એનજી મળે છે. તેમાંથી સારી માત્રામાં કેળામાંથી વિટામિન બી૬, મેગનીઝ, વિટામિન સી, પોટેશિયમ, ફાયબર, કોપર, બાયોટીન, કાર્બોહાઈડ્રેટ જેવા ન્યૂટ્રિઅન્ટ્સ મળી રહે છે. જેથી કેળાની માંગ હવે વધુ તીવ્ર બની રહી છે અધૂરામાં પૂરું હાલ રમજાનમાં પણ ફળોની માંગ વધુ રહે છે તેવામાંપાલનપુરમાં માં દર વર્ષે કેટલાક લેભાગુ વેપારીઓ દ્વારા કેળાની સિઝનમાં મોટા મોટા ગોડાઉન ભાડે રાખવામાં આવે છે સમય પહેલા જ કેળા પકવવા માટે ગુલાબી રંગના દ્રાવણનો ઉપયોગ કરવામાં આવે છે અને આરોગ્ય વિભાગ અને ખોરાક તથા ઔષધ નિયમન તંત્ર તો જાણે મુકપ્રેક્ષક બની આ તમાશો નિહાળી રહ્યુ છે. યાવહારિક દ્રષ્ટિએ જોઈએ તો દરેક સિઝનમાં આસાનીથી પ્રાપ્ત થતા કેળા સત્યનારાયણ ભગવાનની પૂજામાં સામેલ કરવામાં આવે છે. જ્યારે ધાર્મિક દ્રષ્ટિએ જોઈએ તો કેળા ખૂબ જ શુદ્ધ ફળ છે.

પાલનપુર પંથકમાં હાલમાં સ્થાનિક કેળાનું બજારમાં વેચાણ થઈ રહ્યુ છે.કાર્બનના બેફામ ઉપયોગને પગલે મોં માં ચાંદા પડી જવા, પેટમાં ચાંદા પડવા, બળતરા સહિતના રોગોના દદીઓનું પ્રમાણ વધ્યુ છે. આ ઉપરાંત શરીર પર ફોડલીઓ ઉપસી આવવી, લાલ ચકામા પડવા જેવા દદીઓનું પ્રમાણ પણ વધ્યુ છે. ત્યારે તંત્રના નાકીચે રોજેરોજ કેમિકલથી કેળાઓ પકવવા છતાં તંત્ર હજુ સુધી આવા લેભાગુ વેપારીઓ સુધી પહુચી શકયું નથી .

## પાલનપુરમાં ઈફતારીની ખરીદી કરતા મુસ્લિમો બિરાદરોની ભીડ

પાલનપુર, તા.૧૬

મુસ્લિમ બિરાદરોના પવિત્ર રમઝાન માસનો પ્રથમ અરસો ચાલી રહ્યો છે ત્યારે સમગ્ર દુનિયાના મુસ્લિમ બીરાદરો રોઝા રાખી સાથે સાથે ખુદાની બંદગીમાં મશગુલ છે. પાલનપુર શહેરના નાની બજાર વિસ્તારમાં રોઝદારોના ઈફતાર માટે ભવ્ય ખાણી પીણી અને ફ્રુટ બજારમાં ભારે ભીડ જોવા મળી રહી છે. ઈફતારની પૂર્વ સંધ્યાએ મુસ્લિમ બિરાદરો નાની બજારમાં નાન-પરોઠા નોનવેજ આઈટમો-ફ્રુટ સહિતની વાનગીઓ ખરીદી કરતા જોવા મળી રહ્યા છે. રમજાન માસમાં સહેરીથી ઈફતારી સુધી મુસ્લિમ બિરાદરો ખુદાના ખોફથી ભુખ તરસ પર કાબુ રાખીને રોઝા રાખી, રોઝદારો ઈફતારી સમયે આવી વિવિધ વાનગી આરોગી રોઝા ખોલે છે.

## પ્રાંતિજમાં બંધ મકાનના તાળાં તોડી એલ.સી.ડી. સહિત સોના-ચાંદીના દાગીનાની ચોરી

### મકાન માલિકે સલાલ પાસે એક ચોરને ઝડપી પાડયો : પોલીસને જાણ કરતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી

પ્રાંતિજ તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ બજાર ચોક વિસ્તારમાં આવેલ દેસાઈ ની પોળમાં એક મકાન માંથી ધોળા દારે ચોરી કરી જતાં ત્રણ ચોર માથી એક ચોર એલ.સી.ડી ટીવી સાથે ઝડપાયો .

મળતી માહિતી મુજબ પ્રાંતિજ બજાર ચો વિસ્તારમાં આવેલ દેસાઈ ની પોળમાં છેલ્લા ત્રણ દિવસ થી એક પછી એક બંધ મકાનો ને અજાણ્યા ચોર ઈસમો દ્વારા એક પછી એક બધ મકાન ના તાળાં તોડી છેલ્લા બે દિવસ થી પોળમાં આવેલ બે મકાનો માંથી ભર બપોરે હાથફેરો કરી આજે ત્રીજા દિવસે ગુરૂવાર ના રોજ બપોર પછી વિનુભાઈ ગણપતભાઈ સોનીના મકાન માં મકાન નો મુખ્ય દરવાજાનો નકુચો તોડી મકાન માં પ્રવેશ કરી અંદર આવેલ ત્રિજોરી ના તાળાં તોડી તિજોરીમાં મુકેલ કેટલાક સોના ચાંદીના દાગીના સહિત ઘરમા રહેલ એલ.સી.ડી જેની કિંમત અંદાજે ૩૦ હજાર ની કિંમત જે કપડાં માં બાંધી બહાર નિકળી હાઈવે ત્રણ રસ્તા થી હિંમતનગર તરફ જઈ રહ્યો હતો તે દરમ્યાન ઘર માલિક ના પુત્ર કાર્તિક ને સમાચાર મળતાં પોતાની ઈકો ગાડી લઈને પીછો કર્યો હતો જયાં સલાલ સ્ટેન્ડ ઉપર એલ.સી.ડી ટીવી સાથે ઝડપી પાડયો હતો અને ચોર ને પોતાના ઘરે લાવીને પોલીસ બોલાવી ને પોલીસ ને સુપ્રીત કર્યો હતો જયારે પોલીસે પકડાયેલ ચોર ની પુછપરછ હાથધરી હતી જયારે અન્ય બે ચોર ઈસમો દાગીના સાથે ભાંગી ગયા નું જાણવા મલ્યુ છે અને પોલીસે પકડાયેલા ચોર ની પુછપરછ બાદ અન્ય બે ની શોધખોળ હાથ ધરી હતી.



## ભિલોડામાં શોર્ટ-સર્કીટથી કાર ભડભડ સળગી ઉઠી



અરવલ્લી જીલ્લાના ભિલોડાના નવી વસવાટ વિસ્તારમાં આવેલ પ્રેરણા વિદ્યાલય પાસે મારૂતી-૮૦૦ કારમાં શોર્ટ-સર્કીટ થતાં એકા-એક આગ લાગતાં અંદાજીત રૂ.૧,૦૦,૦૦૦/-નું નુકશાન થયેલ હોવાનું જાણવા મળેલ છે.ભિલોડા નવી વસવાટ વિસ્તારના રહેવાસી દિલીપકુમાર શાંતિલાલ ચૌહાણની મારૂતી-૮૦૦ કારમાં અગમ્ય કારણોસર શોર્ટ-સર્કીટ થતાં એકા-એક આગ લાગતાં ધુમાડાના ગોટે-ગોટા દુર-દુર સુધી પ્રસરી જતાં કાર ભસ્મીભુત થઈ ગઈ હતી પરંતુ કારની અંદર બેઠેલા બે વ્યક્તિઓનો ચમત્કારીક રીતે બચાવ થયો હતો.ભિલોડાના નવી વસવાટ વિસ્તારમાં ઘટનાસ્થળે લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા.